## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છીછરા, હલકા ને અસંસ્કારીઓની કચરાપેટી,*
*ગાળાગાળી - મારામારી ને મૂલ્યોની કચરાપેટી.*
*સત્તાના મદમાં થયો છે અભિમાનનો ઉકરડો -*
*મનપા થઈ ગઈ છે હવે સત્તાની કચરાપેટી!*
*(નગરસેવકોનું સરકસ)*

હાઈકુ

*કામ ન કરો*
*બાંકડા નગરમાં -*
*બેસી જ રહો!*
*(ગ્રાંટનો દુરુપયોગ)*

*રાંક પર જ*
*કરે ધાકધમકી -*
*નબળો માટી*
*(બાહુબલિ પતિ)*

### ચિંતન

*અત્યુપચારઃ શંક્તિવ્યઃ*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વધુ પડતી ઔપચારિકતા શંકાસ્પદ છે.

જો કોઈ વ્યક્તિ તમારું વધુ પડતું સન્માન કરે તો એ સન્માન ને શંકાની દૃષ્ટિએ નિહાળવું જોઈએ. કારણ કે તમારું એ સન્માન પાછળ, એ વ્યક્તિનો કોઈ સ્વાર્થ છુપાયેલો હોવો જોઈએ.

આપણી લાયકાત - કામની અનાવડ જ્ઞાન ન હોવા છતાં પણ જો વધારે પડતું સન્માન મળે તો માણસ સમજી જવું જોઈએ કે હું આને લાયક નથી છતાં આ માન મળે છે. તેના પાછળ ખોઈ 'આશય' (ખરાબ - સ્વાર્થ) જરૂર છુપાયેલો હોવો જોઈએ. માણસે સમજી ને જ જાગૃત રહેવાની જરૂર છે.

### સુવિચાર

- સફળતા એ લોંગ જમ્પ કે હાઈ જમ્પ નથી, પણ તે એક મેરાથોન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ પૈસાને બચાવે તે જરૂરી છે,
  પણ બચાવેલા પૈસાથી માણસ માણસને બચાવે તે વધારે જરૂરી છે - **સાંઈરામ દવે**
- જોખમ અને જખમ આ બંનેનો સરવાળો એટલે જિંદગી - **ફુલછાબ**
- કબરની સંકડામણ જોઈને સમજી લો,
  કે જન્નતમાં જવાના રસ્તા કંઈ પહોળા નથી હોતા - **આહમદ મકરાણી**
- 'ડીપ્રેશન' આવે જ નહીં એનું નામ જ્ઞાનની પૂર્ણાહૂતિ - **આપ્તસૂત્ર**
- ખ્વાબ ઔર તમન્ના કા કયા હિસાબ રખના હૈ, ખ્વાહિશેં હૈ સદિયોં કી ઉમ્ર તો જરા સી હૈ - **મિલિંદ ગટવી**
- આજનું ઔષધ : ખજૂર, દ્રાક્ષ, સાકર, ઘી, મધ અને પીપર સરખે ભાગે લઈ તેનું ચાટણ બનાવી રોજ ૨ તોલા જેટલું ખાવાથી ક્ષય, અને શ્વાસમાં ફાયદો થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના શરદ બાબુ ઉત્તમ નવલિકા, નવલકથાઓનું સર્જન કરતા. સાથે સાથે એમની મહેતનનું કદી વધારે મહેનતાણું સ્વીકારતા નહીં. એકવાર એક પ્રકાશકે શરદબાબુને સારી નવલકથા લખવાનું કહ્યું અને તે માટે રોયલ્ટીની રકમ પહેલેથી નક્કી કરવામાં આવી. જયારે પ્રકાશકે નવલકથા વાંચી તો એને ખૂબ જ ગમી ગઈ. રાજીખુશીથી પ્રકાશક શરદબાબુને ઘરે મળવા તથા રોયલ્ટીની રકમ આપવા પહોંચ્યા. પણ ત્યારે શરદ બાબુ બહારગામ હતા. પ્રકાશકે નક્કી રકમ કરતા વીસ ટકા ઉમેરી વધુ રોયલ્ટી એમના પત્નીને આપી અને કહ્યું, 'શરદ બાબુને કહેજો કે નવલકથા મને ખૂબ ગમી છે એટલે પ્રેમથી તથા રાજીખુશીથી વીસ ટકા રકમ આપું છું સ્વીકારજો.'

શરદ બાબુ ઘરે આવ્યા પત્નીએ બધી વાત કરી. તરત જ વધારાની રકમ પ્રકાશકને પરત આપવા નીકળી ગયા. પ્રકાશક ને મળી કહ્યું, 'ભાઈ એક વખત કાર્ય સંભાળ્યા પછી તે કાર્ય સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક અને ઉત્તમ પ્રકારે કરવું જોઈએ. એ માટે વધારાના પૈસાની લાલચ મારા લેખન કાર્યને વિચલિત કરી શકે છે માટે આ વધારાના પૈસા પાછા લઈ લેશો.' પ્રકાશકે શરદ બાબુને મનોમન વંદન કર્યા.

# ભાજપ સામે વિપક્ષો વેરવિખેર

તંત્રીસ્થાનેથી...

એક એવો પણ સમય હતો જયારે ઈંદિરા ગાંધી વિરુદ્ધ તે સમયના તમામ વિપક્ષોએ એક થઈ મોરચો માંડ્યો હતો. પત્રકારોએ એને 'ગ્રાન્ડ એલાયન્સ' કહી બિરદાવેલો. ઈતિહાસ પડખું ફેરવીને એ તબક્કે પહોંચ્યો છે જયાં હવે ભાજપ ઉર્ફે નરેન્દ્ર મોદી વિરુદ્ધ દેશના તમામ વિપક્ષો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે એવું જ મહાગઠબંધન રચવાની પેરવીમાં પડ્યા છે. આ મહાગઠબંધની પહેલ કોંગ્રેસ તરફથી થવી જોઈએ, પણ કોંગ્રેસ છેલ્લાં વર્ષો દરમિયાન રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જવા પામી છે, એટલે એની નેતાગીરી નીતીશકુમાર અને લાલુપ્રસાદ યાદવ જેવા પ્રાદેશિક પક્ષોના નેતાઓના હસ્તક આવી ગઈ છે. એ દિશામાં કશી નક્કર કાર્યવાહી હાથ ધરાય તે પહેલાં રાષ્ટ્રપતિની ચૂંટણી આવી પડતાં વિપક્ષો અવઢવમાં મુકાઈ ગયા છે. રાષ્ટ્રપતિ પદના સર્વસંમત ઉમેદવાર તરીકે કોઈનું નામ પાડ્યા વગર જ ભારતીય જનતા પાર્ટીની ત્રણ વરિષ્ઠ મંત્રીઓની સમિતિએ સોનિયા ગાંધી અને સીતારામ યેચુરી જેવા વિપક્ષી નેતાઓ સાથે ચર્ચા ચલાવી, જે માત્ર એક દેખાડો હતો. એનું કારણ એ હતું કે ભાજપ એની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રત્યની વફાદારી દર્શાવવા સંઘની જ પસંદગીના ઉમેદવાર મૂકવા કૃતસંકલ્પ હતો. શિવસેનાએ સંઘના વડા મોહન ભાગવતનું નામ રજૂ કરી હિંદુત્વવાદી ઉમેદવાર મૂકવાનો આગ્રહ રાખેલો. આખરે રાષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે એનડીએના મહત્ત્વના ઘટક પક્ષ શિવશેના સાથે પણ મગનું નામ મરી પાડ્યા વગર ભારતીય જનતા પાર્ટીએ બિહારના રાજયપાલ પદે કાર્યરત જૂના સંઘકાર્યકર્તા જેમણે કયારેક સંઘના દલિત મોરચાનું પણ સુકાન સંભાળેલું છે એવા શ્રી રામનાથ કોવિંદનું નામ જાહેર કરી દીધું. કોવિંદ અંતર્મુખ વ્યક્તિત્વ ધરાવતા બિન વિવાદાસ્પદ નેતા છે અને હોઈકોર્ટમાં વકીલાત પણ કરી ચૂક્યા છે એથી કાયદા અને બંધારણના પણ જાણકાર છે. સૌથી વધુ અગત્યનો મુદ્દો તો એ કે તેઓ કોળી જાતિના છે, જે ઉત્તર ભારતમાં અનુસૂચિત જાતિ ગણાય છે. ગુજરાતમાં કોળી સમાજની બહોળી વસતિ છે અને તે અન્ય પછાત જ્ઞાતિઓ (ઓબોસી)માં ગણાતી હોવા છતાં કોવિંદને પોતાના રાષ્ટ્રીય નેતા તરીકે સ્વીકારે છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ભાજપ વર્તુળોમાં સુષમા સ્વરાજ અને સુમિત્રા મહાજનથી લઈ થાવરચંદ ગહલોત જેવા દલિત નેતાઓનું નામ ચર્ચાયું હતું પરંતુ છેલ્લે જે નામ મોદીએ મહોર મારી તે પછી વિપક્ષો પણ એમની સામે ઉમેદવાર મૂકવો કે કેમ એ મુદ્દે અવઢવમાં આવી પડ્યા છે. કોવિંદનું આરએસએસ કનેકશન જ એક માત્ર એવો મુદ્દો છે જેની સામે કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષો કે તૃણમૂલ કોંગ્રેસને વાંધો હોય. તેઓ દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે એ એમનું પ્લસ પોઈન્ટ છે, વળી તેઓ બિહારના રાજયપાલ પદે નિયુક્ત થયા પછી નીતીશકુમાર સાથે પણ સંઘર્ષમાં નથી આવ્યા. આથી છેલ્લે છેલ્લે શિવસેના ઉપરાંત નીતીશકુમાર પણ અંગત રીતે રામનાથ કોવિંદની તરફેણ કરતા થયા છે. અમસ્તા પણ વિપક્ષો પાસે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે એનડીએની બહુમતી સામે ટક્કર લઈ શકે એવું કોઈ નામ નથી. સંઘી દલિત સામે દલિત મહિલાને મેદાનમાં ઉતારી કોંગ્રેસ જરૂર બિનસાંપ્રદાયિકતાના હામી વિપક્ષોનો સહયોગ મેળવી શકે, પરંતુ કોંગ્રેસ કે જદ(યુ) અને તેલંગાણા વિકાસ પાર્ટી અને બીજેડી જેવા પક્ષોએ તો કોવિંદની ઉમેદવારીને આગોતરો ટેકો જાહેર કરી જ દીધો છે. આમ ભાજપના ચાણક્યપુરુષ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિંદ જેવું સાવ ઓછું જાણીતું નામ રજૂ કરી ૨૦૧૯ની ચૂંટણીઓ પૂર્વે રચાઈ રહેલા મહાગઠબંધનને બે વરસ પહેલાં જ વેરવિખેર કરી દીધું છે. એટલું જ નહીં, ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પણ કોળી વોટબેન્ક મજબૂત કરી દીધી છે. મોદીએ એક જ તીરથી કેટલાં નિશાન પાડી દીધાં - નહીં વારું?

# સમત્વમ સમત્વમ્ યોગ ઉચ્યતે...

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આજે યોગ એ ગ્લોબલ ઘટના છે. આજથી પાંચ દસ વર્ષ પહેલા યોગ-આસનોની શીબીરોમાં અમુક-તમુક લોકો દેખાતા, આજે લાખો લોકો એકસાથે યોગ કરી વિશ્વવિક્રમો બનાવે છે. અનેક યોગગુરૂઓ પોતપોતાની સ્ટાઈલના યોગ શીખવે છે, અને લોકો તેને અનુસરી લાભ પણ મેળવે છે.

હજુ ગઈકાલે જ એક પેશન્ટ આવીને પુછતા હતા, ''સાહેબ, યોગ કરું કે જીમમાં જાઉ? લાંબા ગાળે શું ફાયદાકારક છે?'' તેમના આ સવાલે મને યોગની મહત્તા ફરી યાદ કરાવી. મે કહ્યુ કે જીમ અને કસરતતો ઉત્તમ છે જ. નિયમીત રીતે કરવી જ જોઈએ. આથી શરીર શ્રૌષ્ઠવ જળવાય છે. પણ યોગ એ શરીર શ્રૌષ્ઠવથી ઘણું આગળ છે. યોગ એ માત્ર શારીરિક નહિં પણ માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરતી ક્રીયા છે. તેનું પ્રતિપાદન કરતી શ્રેષ્ઠ વ્યાખ્યા છે ''સમત્વમ્ યોગ ઉચ્યતે...''

આજે માણસ ખૂબ દોડધામમાં છે. નાના બાળકોથી લઈને દરેક ઉમરની વ્યક્તિ હાઈપર થતી જાય છે. ધીરજનો અભાવ (ઈન્ટોલરન્સ), ચિડીયાપણું, અતડાપણું, અકારણ ગુસ્સો, ઈર્ષા, મગજની અતિ વિચારશીલતા આદિને કારણે માણસની માનસિક હાલત ચિંતાજનક છે. આ બધાનો સીધો પ્રભાવ વ્યક્તિની પર્સનલ લાઈફ, રીલેશનશીપ અને સોશીયલ લાઈફ પર પડે છે. દરેક જગ્યાએ કોમ્પીટીશન અને પોતાની તેમજ બીજાની મહત્વાકાંક્ષાઓને કારણે માણસ સતત દોડતો રહે છે. સફળતામાં અતિ ઉન્મદ બને છે અને નિષ્ફળતામાં હારી-થાકીને ડીપ્રેશનમાં સરી પડે છે.

ટુંકમાં, આજે સમતાનો અભાવ છે. સમતા એ યોગ છે. સફળતામાં ઉન્મત ન થવું તેમજ નિષ્ફળતામાં વ્યાકુળ ન થવાનું યોગ શીખવે છે. દરેક પરિસ્થિતિમાં રખાતા આવા સમત્વભાવને ગીતામાં 'સ્થિતપ્રજ્ઞભાવ' કહ્યો છે. બુધ્ધનો મધ્યમ માર્ગ પણ એ જ છે. નિરંતર યોગથી ચિત્તશુધ્ધી થાય છે. બુધ્ધી સ્થીર થાય છે અને 'સુખ' અને 'આનંદ' વચ્ચે રહેલ 'સંતોષ' નામની પાતળી ભેદરેખાની સમજ પડે છે.

'સમત્વભાવ' એ યોગ અને કસરત વચ્ચેનો પાયાનો ભેદ છે. કસરત હોય કે પછી કોઈ પણ બીજું કાર્ય હોય, જો સમતાથી કરીએ અને સમત્વ રાખીએ તો તે યોગ છે. યોગ સાત્વિક અને ઉન્નત શાસ્ત્ર છે. તે નિયમીત અભ્યાસ માંગી લે છે. આસન-પ્રાણાયામ હોય કે ધ્યાનની અવસ્થા, નિયમીતતા અને સાત્વિકીવૃત્તિ ખૂબ જરૂરી છે. યોગ આપણને મળેલો અદ્ભૂત વારસો છે. તેને શક્ય તેટલો વધું પામવા માટે પ્રયત્નશીલ રહેવું.

- contact@atharvaayu.com

# તમે પ્રેમની વાતો કરજો : અમે કરીશું પ્રેમ...

ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણ અને રાધાના હજારો ગીત લખાયા છે.પણ કૃષ્ણની શક્તિઓને પડકાર ફેંકે તેવું ગીત મારા ધારવા મુજબ ફક્ત એક જ લખાણું છે. તે આપણા પ્રિય કવિ શ્રી સુરેશભાઈ દલાલે લખ્યું છે.

**મારી ગાગર ઉતારો તો જાણું**
**કે રાજ, તમે ઊંચક્યો'તો પહાડને !**
**હું તો ઘરે ઘરે જઇને વખાણું**
**કે રાજ, તમે ઊંચક્યો'તો પહાડને !**

હવે આ ગોપી શ્રી કૃષ્ણની શક્તિઓ ચકાસવા માંગે છે કે આવી રીતે ઉશ્કેરીને પોતાના માથે ગાગર ચડાવી લેવા માંગે છે તે વાત બે જણા જાણે છે, એક ગોપી અને બીજા સુરેશભાઈ .બેમાંથી એકે હયાત નથી, આપણે પૂછવું કોને ? આમ છતાં એક વાતથી આપણે બધ્ધા સુપેરે જ્ઞાત છીએ કે સુરેશભાઈ જેટલી સુંદર કવિતાઓ લખતા હતા એટલા જ મનોહર નિબંધો લખતા હતા. એમણે સેંકડોની સંખ્યામાં નિબંધો લખ્યા છે. ''મારી બારીએથી'' કદાચ તેમનો પહેલો નિબંધ સંગ્રહ હતો.તે પછી તેમણે સહેજે પાછુ વળીને જોયું નથી. માનવીઓના આ મધુવનમાં, મોંજાને ચીંધવા સહેલાં નથી, સાવ એકલો દરિયો, ચહેરાઓના વનમાં, મારો આસપાસનો રસ્તો,પગલાંથી પંથ એક ફૂટ્યો, સમી સાંજના શમિયાણામાં,ભૂરા આકાશની આશા, અમને તડકો આપો, વ્યક્તિ અને અભિવ્યક્તિ, દરિયામાંથી દરિયો લીધો,શબ્દ મારો પારસમણિ સુધી,આયુષ્યની આવતીકાલ મારી પ્રિયતમા, એક રાત નિભાવી લેવી છે, માણસ મને ગમે છે, અક્ષરથી ઈશ્વરસુધી, આયુષ્યની અયોધ્યા, આ બધા તેમના નિબંધસંગ્રહોના નામ છે . છે ને અદભુત ? ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમના શ્રેષ્ઠ નિબંધોનું એક સંપાદન ''મધરાતનું મૌન'' પ્રકાશિત કર્યું છે. ચિત્રલેખા સામાહિકમાં સુરેશભાઈ પહેલા પાને એક સુવિચાર આપી હેઠળ તેનું સુંદર રસમય અવલોકન કરતા. એવા નાનકડા નિબંધો ઝલક શ્રેણી હેઠળ પગટ થયા છે. તેની પણ પંદરથી વધુ પુસ્તિકાઓ થઈ હોવાનો સંભવ છે. સર્વપ્રથમ પુસ્તિકાનું નામ ઝલક હતું. છેલ્લીનું નામ અંતિમ ઝલક છે. ઝલક ચાંદ, ઝલક પૂનમ , ઝલક પુષ્પો,ઝલક અત્તર, ઝલક અધ્યાય, ઝલક કિશોરી, ઝલક સન્ધ્યા,ઝલક પ્રયાગ, ઝલકનંદા, ઝલક ઝલક, ઝલક ચતુર્થી, પંચમી, અષ્ટમી, નવરંગ, દશેરા, અગિયારમી, એવા અવનવા નામની અમલપિયાલીઓ સુરેશભાઈ આપણી મા સરસ્વતીના ચરણોમાં ધરે છે અને ગુજરાતી સાહિત્યને ન્યાલ કરે છે. તમારા મોબાઈલમાં ફેસબુકમાં કોઈ નાનકડો સુવિચાર ધરાવતો ફકરો જોઈને તમે વાહ વાહ કરવા માંડો છે પણ દલાલ સાહેબની ઝલક શ્રેણી વાંચ્યા પછી તમે આ અગાઉ વાંચેલા બધા અવતરણ સાવ ફિક્કાફસ લાગશે.

મૂળે તો હું શ્રી સુરેશભાઈ દલાલે પ્રેમ વિષે લખેલા વિચારોનો એક લેખ બનાવવા માંગતો હતો. પણ તેમના પુસ્તકોના નામથી જ એક ફુલસ્કેપ ભરાઈ ગયો. (આવા કુલ ૭૦ પુસ્તક છે.) એટલે વધુ જગ્યા ના રોકતા સીધો તેમના વિચારો જ રજૂ કરુ છું.

**પ્રેમ ફૂલ જેવો છે. મહેંકવું અને કરમાવું એની નિયતિ છે.**
**- ડી.એચ લોરેન્સ**

ડી.એચ લોરેન્સ બ્રિટીશ કવિ છે હાલ તેમની ગણના વૉલ્ટ વ્હીટમેન સાથે થાય છે. સુરેશભાઈ ઉપર મુજબ તેમનું અવતરણ ટાંકી નીચે મુજબ કાવ્યનો ભાવાંશ આપે છે.

આપણે પ્રેમને નામે ઘણી કાગારોળ કરી છે. પ્રેમ શબ્દનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે. શબ્દોનો પણ એક ગંદવાડ ઊભો કર્યો છે.આ બધું શા માટે થયું? પ્રેમને આપણે વાસ્તવિકતા તરીકે સ્વીકારવાને બદલે આદર્શ બનાવ્યો. જ્યારે તમે કશાને પણ આદર્શ બનાવો ત્યારે આદર્શના બુરખાની પાછળ એક વિકૃત ચહેરો છુપાયેલો હોય છે. પ્રેમને વિશેષણોથી નવાજ્યો. ગાયા કર્યું કે પ્રેમ રમ્ય છે, ભવ્ય છે, દિવ્ય છે, પણ પ્રેમમાં આ બધુ હોય છતાંય પ્રેમ એ મનુષ્યની અનિવાર્ય વાસના છે. અલબત્ત, પ્રેમને આત્મા સાથે સબંધ છે. પણ પ્રારંભમાં સ્ત્રીપુરુષના સંબંધમાં શરીર સાથે પણ તે સંકળાયેલો છે.પ્રેમ ગમે તેટલો આત્મામાં રહેતો હોય તો પણ છેવટે શરીરની તેમાંથી બાદબાકી થઈ ન શકે. જાતીયતાની વાસના માણસના મનમાં છે અને શરીર મન અને આત્માના હંમેશા કમ્પાર્ટમેંટસ નથી હોતા. આંખથી બે માણસ એકમેકને જુવે છે. એકમેક માટે તાલાવેલી અને તલસાટ જાગે છે. આ તલસાટ સામી વ્યક્તિને સંપૂર્ણપણે ઝંખે છે. લગની કદાચ લગ્નમાં પરિણમે છે. માણસની અને પ્રેમની કરુણતા અહીંથી શરુ થાય છે. જે ઘડીએ તમે કોઈ એક સ્ત્રીને કહો છો કે હું તને ચાહું છું. પછી આગળ વધો છો અને કહો છો હું તને જ ચાહું છું. એટલું જ નહીં ઉમેરો છો કે હું તને જિંદગીભર ચાહતો રહીશ. વફાદારીના આ શપથ, આ સોગંદ, આ વચનો ધીમે ધીમે સ્મૃતિમાં બોજો થઈ જાય છે અને આપણને ખબર પણ ના પડે એમ ક્યાંક સામી વ્યક્તિ માટે ધિક્કારનાં બીજ વવાતાં હોય છે. જે ઘડીએ હું કહું છું કે હું તને ચાહું છું ત્યારે ચાહવાની પ્રક્રિયાની સાથોસાથ પ્રેમ ક્રમશઃ મરતો જાય છે. પ્રેમ પૂર્વશરત થઈ જાય છે. પ્રેમ સમજણ થઈ જાય છે.પ્રેમ માલિકી થઈ જાય છે.

મનના ઉમંગો
રણછોડ પરમાર

લૉરેન્સ તો કહે છે : પ્રેમ ફૂલ જેવો છે. મહેંકવું અને કરમાવું એની નિયતિ છે. કરમાય નહીં તે ફૂલ નહી, પછી બહુ બહુ તો એ બનાવટી ફૂલની જેમ રહેતો હોય છે. આવા ફૂલોનું સ્થાન છેવટે તો કબ્રસ્તાનમાં જ હોય છે. પ્રેમ આત્માની વસ્તુ છે. પણ આપણું મન પ્રેમમાં દાખલ થઈને દખલ કરે છે. માલિકીની ભાવના વ્યક્તિને વસ્તુ બનાવી દે છે, આ માલિકીની ભાવના પ્રગટે છે આપણા અહમમાંથી. પ્રેમને અહમ હોતો નથી. અહમ હોય ત્યાં પ્રેમ હોતો નથી. અહંકાર પ્રેમને પણ છોડતો નથી. આમને આમ પ્રેમનો કચ્ચરઘાણ નીકળી જાય છે. પ્રેમ જ્યારે મનમાં હોય છે ત્યારે શરીરમાં હોતો નથી. શરીર પ્રેમનું માધ્યમ છે. પ્રેમનું સારસર્વસ્વ નથી. પ્રેમની ક્ષણ અકબંધ રાખવી જોઈએ-સ્મૃતિમાં, જીવનમાં. પ્રેમ માણસને નમ્ર બનાવે છે પણ આ નમ્રતા દંભ ન થાય એનો ચોકીપહેરો રાખવો જોઈએ.પ્રેમની વાતોમાં આત્મીયતા હોય પણ બંને વ્યક્તિ જુદી છે અને બંને વ્યક્તિઓએ એકમેકના એકાંતનો અને સ્વતંત્રતાનો આદર કરવો જોઈએ.

સુરેશભાઈને ડી.એચ લોરેન્સની પ્રેમ અંગેની આ કવિતા ગમી ગઈ એટલે તેમણે આપણને ડી.એચ લોરેન્સના કાવ્યનો આસ્વાદ કરાવ્યો. પરંતુ ખુદ સુરેશભાઈ પ્રેમ વિશે શું કહે છે તે સાંભળો.

**તમે-અમે**

રાતદિવસનો રસ્તો વ્હાલમ નહીં તો ખૂટે કેમ?
તમે પ્રેમની વાતો કરજો : અમે કરીશું પ્રેમ .
તમે રેતી કે હથેલી ઉપર લખો તમારું નામ,
અમે એટલા ઘેલા, ઘાયલઃ નહીં નામ કે ઠામ.
તમને તો કોઈ કારણ અમને નહીં બહાના નહીં વ્હેમ,
તમે પ્રેમની વાતો કરજો : કરીશું પ્રેમ .
તમને વાદળ,ધુમ્મસ વ્હાલા અમને ઉજળી રાત,
અમે તમારા ચરણ ચૂમશું થઈને પારિજાત.
અહો આંખથી ગંગાયમુના વહે એમની એમ.
તમે પ્રેમની વાતો કરજો : અમે કરીશું પ્રેમ.

# દિખાવે કી દુનિયા મે મહિના હૈ ભારી, ઉસી મે ફંસી હૈ યહ જનતા બેચારી

**દિખાવે કી દુનિયા મે મહિના હૈ ભારી,**
**ઉસી મે ફંસી હૈ યહ જનતા બેચારી.**
**લિયે આસરા જૂઠ કા જી રહે હૈ,**
**ખુદા જાને, અબ હમ કહાં જા રહે હૈ ?**

સંત કબીર જયારે કાશીમાં રહેતા હતા ત્યારની આ વાત છે. એક સાધુ ગંગાતટ પર આસન જમાવીને બેસી ગયા હતા. તેના શિષ્યો તેનું મહિમાગાન કરતા ચારે બાજુ ફરી રહ્યા હતા. આ સાધુબાવાનું પ્રચારતંત્ર પારંગત હતું પરિણામે વિશાળ લોક સમુદાય એના પ્રત્યે આકર્ષાયો. કહેવાય છે 'દુનિયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે.' લોકોનાં ટોળેટોળાં આ બાબાનાં દર્શન માટે ઉમટવા લાગ્યાં.

સાધુ મહારાજ આંખ બંધ કરીને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. શિષ્યો લોકોને સમજાવતા હતા કે, 'બાબા બહુ જ ચમત્કારી છે. બસો વર્ષથી તો એમને મૌન ધારણ કર્યું છે. એમના ચરણસ્પર્શ કરવા માત્રથી તમારું કલ્યાણ થઈ જશે.' લોકો અહોભાવથી મહાત્માજીને વંદી રહ્યા. શિષ્યો કહેતા, 'સ્વામીજી તો પૈસાને હાથ પર લગાડતા નથી. તમારે જે ભેટ ધરવી હોય તે સામેની પેટીમાં નાખી દો. એ બધો જ પૈસો પ્રભુકાર્યમાં ખર્ચાઈ જશે!'

મસમોટી જટા અને એટલી જ લાંબી દાઢી મહાત્માએ રાખી હતી. ભસ્મ ભટ્ટાઓથી આખુ શરીર રગદોળાયું હતું. ગળામાં માળાઓનાં ઝુમખાં લટકાવ્યા હતા. એમના દર્શન કરીને સૌ ધન્યતા અનુભવતા. કબીરજીના શિષ્યોએ પણ લાઈનમાં ઊભા રહીને મહાત્માજીનાં દર્શન કર્યા. તેમણે કબીરજીને પણ આ સાધુબાવાનો મહિમા કહ્યો, એટલું જ નહિ પણ કબીરજીએ પણ એમનાં દર્શનનો લ્હાવો લેવો જોઈએ એવી ઈચ્છા પણ પ્રદર્શિત કરી.

સંત કબીર તો નોંખા - ન્યારા હતા. છતાં ચરમસ્પર્શથી કલ્યાણ કરતા એ મહાત્માને નીરખવાનું કુતૂહલ જાગ્યું. તેઓ ગંગા તટ પર ગયા. એમને આવેલા જોઈને મહાત્માજીનું શિષ્યવૃંદ હરખાઈ ઊઠ્યું. પ્રચારતંત્રને એક વિશેષ આધાર મળ્યો. 'કબીરજી જેવા મહાનસંત પણ અમારા સ્વામીજીનાં દર્શને આવ્યા.' એવું જાહેર કરીને લાખો લોકોને આકર્ષી શકાશે એવા ખ્યાલથી શિષઅયો આનંદવિભોર થઈ ઊઠ્યા. સ્વામીજીનું બાહ્યાકર્ષણ તો જબરજસ્ત હતું. પરંતુ બાહ્યપ્રદર્શન ભીતરનાં દર્શનની ઝાંખી શી રીતે કરાવી શકે? કબીરજીએ મહાત્માજીને પ્રશ્નો પૂછવાની પોતાની ઈચ્છા એમનાં શિષ્યો સમક્ષ પ્રગટ કરી.

તાલીમબદ્ધ અને વાક્પટુ શિષ્યોએ કહ્યું, 'આવા સિદ્ધ પુરુષોને પ્રશ્નો પૂછીને પજવાય નહીં એમનાં દર્શનમાં જ બધું માર્ગદર્શન રહેલું છે. એમનું મૌન જ વ્યાખ્યાન છે. અનુભૂતિનાં આસમાનમાં વિહરતા આ મહામાનવો માટે શબ્દની સફર નિરર્થક છે. તમે એમનાં ચરણસ્પર્શ કરીને આત્મકલ્યાણ સાધી લો.' કબીરજીના શિષ્યોને આ વાત ગળે ઊતરી નહીં, તેમને થયું કે જ્ઞાનદાન તો ક્ષેષ્ઠદાન કહેવાય છે તો પછી આવા સિદ્ધ મહાત્માઓ મૌન પાળે તે કેમ ચાલે ? સમાજને એમના જ્ઞાનનો લાભ શી રીતે મળે ? અંધશ્રદ્ધામાં આળોટતા સમાજને જ્ઞાનદીપથી અજવાળાનું કામ ન સાચા સંતોનું છે. સરસ્વતીનો પ્રસાદ જ્ઞાનીની મહત્તાને વધારે, દંભનું આવરણ મૂઢની મૂર્ખતાને ઢાંકે, મૂર્ખ મૌન રહે ત્યાં સુધી જ શોભતો હોય છે.

લાગણીનો મેળો
રસિક વાળંદ

કબીરજીએ આ સાધુબાવાને નખશિખ નિરખ્યો અને એમને બોલતા કરવાની યુક્તિ વિચારી લીધી. તેમને બાવાજી સાંભળે એમ મોટેથી બોલ્યા, 'ઉપર કી તો બડી અચ્છી બની હૈ કિંતુ ભીતર કી તો રામ જાને !' આટલું કહેતાં જ સ્વામીજીની ભીતરની આગ ભભૂકી ઊઠી તેમને ગુસ્સે થઈ કબીરજીને ગાળો સંભળાવી. કબીરજીએ હસતાં હસતાં કહ્યું, 'અરે, યહ તો ભીતર કી ભી બાહર આ ગઈ!'

મિત્રો, દબાવી રાખેલી દુર્વૃત્તિઓ લાંબો સમય ઢાંકી શકાતી નથી. સાધુવેશ ધારણ કરવો રહેલો છે. સાધુનો સદાચાર પાળવો આકરો છે. સાધુનો વેશ ધારણ કરીને સમાજને છેતરવાની પદ્ધતિ જુગજુની છે. રાવણે પણ સાધુવેશે જ સીતાનું અપહરણ કર્યું હતું.

આપણા ઋષિ મુનિઓએ ઊભી કરેલી સંતનિષ્ઠાનો આજના ધંધાદારી બાવાઓ યથેચ્છ લાભ ઉઠાવે છે અને પ્રજાના પૈસા તાગડધિન્ના કરે છે. 'મુખમે રામ બગલ મેં છૂરી' રાખનારા બગભગતોથી ચેતતા રહેવું જોઈએ. 'રામનામ જપના ઔર પરાયા માલ અપના' - આવા જીવન સૂત્રો લઈ હાથમાં માળા લઈ મ્હાલતા મલિન (મહા!) પુરુષોથી સો ગજ છેટા રહેવું. આજકાલ દંભ અને પાખંડમાં - પાવરધા બાવલાઓ ખુલ્લા તો પડે જ છે પરંતુ તે દરમિયાન સમાજને ઘણું શોષાવું પડે છે... ચેતતા રહીએ...!!!

**સ્પર્શમણિ**

માણસે જો ફક્ત સુખી જ થવું હોત તો એ સહેલાઈથી સિદ્ધ થઈ શકત પરંતુ આપણે તો બીજાઓનાં કરતાં વધારે સુખી થવું છે અને એ હંમેશા મુશ્કેલ નીવડે છે, કારણ કે બીજાઓ હોય છે તેના કરતાં વધારે સુખી આપણે તેમને કલ્પેલા હોય છે. ખરેખર તો તેવા સુખી હોતા જ નથી.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949